જેને હૈયે અન્ય માટે પ્યાર હોય છે... જિંદગી એની જ ખુશ્બુદાર હોય છે...
- બાબુ પટેલ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૪૫ | ૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૫, શનિવાર ; ફાગણ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦




# ગુડાના ચેરમેન પદે આશિષ દવે

### ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન આશિષ દવેની ગુડાના ચેરમેન પદેની નિમણુંકને સાર્વત્રિક આવકાર

### ગુડા વિસ્તારનો આદર્શરૂપે વિકાસ કરવા નવા ચેરમેનની નેમ: હોળી બાદ તારીખ નક્કી કરી ચાર્જ સંભાળીશ : આશિષ દવે

ગાંધીનગર, તા. ૨૭

સ્થાનિક રાજકીય વર્તુળોમાં ઉત્તેજના વચ્ચે અનેક અટકળો અને ચર્ચાના ચગડોળે ચઢેલા ગુડાના ચેરમેન પદે આખરે આશિષ દવેની નિમણૂંક કરવામાં આવી છે. કોર્પોરેશનમાં ભાજપ પક્ષમાંથી કોર્પોરેટર તરીકે ચૂંટાયેલા આશિષ દવેની ભાજપ સત્તારૂઢ થતા કારોબારી સમિતિના ચેરમેન તરીકે નિમણૂંક કરવામાં આવી હતી જ્યારે આજે તેમની ગુડાના ચેરમેન પદે પસંદગી કરવામાં આવી છે. તેઓ હોળી બાદ ચેરમેન પદનો ચાર્જ સંભાળશે. ગુડા વિસ્તારનો આદર્શ વિકાસ કરવાની નેમ તેમણે દાખવી છે.

ગુડાના ચેરમેન પદ માટે આશિષ દવેની નિમણૂંક થતા અનેક અટકળો અને અફવાઓ વચ્ચે રાજકીય ઉત્તેજનાનો અંત આવ્યો છે. છેલ્લા ચાર મહીનાથી ગુડામાં ચેરમેનપદની જગ્યા ખાલી હતી. પૂર્વ ચેરમેન અશોક ભાવસારે સમય મર્યાદાના અંતે રાજીનામુ આપ્યા બાદ ગુડાના નવા ચેરમેનપદનુ નામ જાહેર કરવામાં ઘણો વિલંબ થયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો હતો. સ્થાનિક નેતાગીરીમાં પણ અપસેટ ન સર્જાય તે માટે રાજકીય સમીકરણો સેર કરવાનુ પણ પક્ષના આગેવાનો માટે શિરદર્દ સમાન બન્યું હોવાનો ગણગણાટ પ્રબળ બન્યો હતો. આ સઘળી સ્થિતિ વચ્ચે ગુડાના ચેરમેનપદ માટે અનેક નામો ચર્ચામાં રહ્યા હતા. આખરે આજે શહેરી વિકાસ સત્તામંડળના ચેરમેન તરીકે આશિષ દવેનું નામ જાહેર કરી દેવાતા તમામ અટકણોનો અંત આવી ગયો છે. છેલ્લા ઘણા સમયથી ગુડાના ચેરમેન પદનો મુદો રાજકીય વર્તુળમાં ચર્ચાસ્થાને રહ્યો હતો. ગુડાના પ્રથમ ચેરમેન પદે અગાઉ અશોક ભાવસારની વર્ષ ૨૦૧૦માં નિમણૂંક કરવામાં આવી હતી. ૧૯૯૬માં અસ્તિત્વમાં આવેલા શહેરી વિકાસ સત્તામંડળમાં ચેરમેનની નિમણૂંક બાદ ગુડા વિસ્તારમાં આયોજનબદ્ધ વિકાસના અનેકવિધ પ્રોજેક્ટોનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. પૂર્વ ચેરમેનના વિકાસલક્ષી વિઝનના લીધે ગુડા વિસ્તારમાં ગ્રીનસીટી અને ક્લીનસીટીના કન્સેપ્ટ સાથે માળખાગત સુવિધાઓને લઈને પણ નવતર અભિગમ અપનાવ્યો છે. છેલ્લા ચાર મહીનાથી અશોક ભાવસારના રાજીનામાના અંતે ગુડાની કચેરીઓ પણ ખાલીપા વચ્ચે વિકાસલક્ષી યોજનાઓના કામ ખોરંભે પડ્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો હતો. બીજીતરફ ગુડાના ચેરમેનપદ માટે સ્થાનિક રાજકારણમાં પણ ગરમાવાનો માહોલ છવાયો હતો. ગુડાનુ ચેરમેનપદ હાંસલ કરવા સ્થાનિક નેતાઓનો ડોળો મંડરાયો હતો. જ્યારે અપસેટ સર્જ્યા વગર રાજકીય સમીકરણો સેટ કરવાની નીતિના લીધએ ચેરમેન પદ માટે નવુ નામ જાહેર કરવામાં ભારે વિલંબ થતા આ મુદે રાજકીય વર્તુળમાં પણ અનેક નામો સાથે તરેહ-તરેહની ચર્ચા સંભળાતી હતી. આખરે કોર્પોરેશનના કારોબારી સમિતિના ચેરમેન આશિષ દવેનું નામ જાહેર થતાં ગુડાના ચેરમેન પદનું કોકડુ ઉકેલાયું છે. આશિષ દવે હોળાષ્ટક બાદ સારા દિવસોમાં તારીખ નક્કી કરી ચેરમેન પદનો કાર્યભાર સંભાળશે. આ તબક્કે તેમણે પક્ષ તેમજ નગરના કાર્યકર્તાઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી છે. ગુડા વિસ્તારમાં આદર્શ સ્વરૂપ આપવાની નેમ સાથે તેમણે વિકાસકામોને વેગ આપવાનો નિર્ધાર વ્યક્ત કર્યો છે. અગાઉ ભાજપમાંથી વોર્ડ નં. ૧૧માંથી કોર્પોરેશનની ચૂંટણી લડીને કોર્પોરેટર બન્યા બાદ કોર્પોરેશનના સત્તા સમીકરણો બદલાતાં તેમને કારોબારી સમિતિના ચેરમેન તરીકે મુકવામાં આવ્યા હતા.

# જિલ્લામાં દસ લાખ નાગરિકોનો સર્વે સંપન્ન

### ૩૦ જેટલા શંકાસ્પદ સ્વાઈન ફ્લુના કેસો દેખાયા : તંત્રના આડેધડ સર્વેને લઈ ગ્રામ્ય વિસ્તારમાં ભારે રોષ : વાઈરલ અને કફની બિમારીના સંખ્યાબંધ કેસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર અને જિલ્લામાં સ્વાઈન ફ્લુના કહેરને પગલે તંત્ર દ્વારા હાથ ધરાયેલ ડોર ટુ ડોર સર્વેમાં ૩૦ જેટલા શંકાસ્પદ કેસ જણાતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવેલ છે. જિલ્લામાં દસ લાખથી પણ વધુ લોકોનો સર્વે કરવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેરમાં ચાલી રહેલા ડોર ટુ ડોર સર્વેમાં અત્યાર સુધીમાં ૧૮,૪૧૨ જેટલા ઘરોની મુલાકાત તંત્રના કર્મચારીઓએ લીધી છે. ૨૨ થી પણ વધુ ટીમો દ્વારા શહેરમાં આ સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. જેમાં ૧૭૦ જેટલા તાવના દર્દીઓ મળ્યા હોવાનું જાણવા મળેલ છે. ૪ જેટલા દર્દીઓને શંકાસ્પદ સ્વાઈન ફ્લુ જણાતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે રિફર કરવામાં આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે શહેરમાં આવેલી ૩૪ જેટલી સરકારી પ્રા. શાળાઓ સહિત શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓમાં પણ બાળકોના આરોગ્યની ચકાસણી શરૂ કરવામાં આવી છે.

અત્યાર સુધીમાં ૩૫,૮૬૦ જેટલા બાળકોની ચકાસણી કરવામાં આવી છે. જેમાં ૧૬૧ બાળકો તાવથી પિડાતા, ૧૩૨ બાળકોને કફનું ઈન્ફેક્શન તેમજ ૩૦ જેટલા બાળકોને કફ થયેલો જણાતાં તેમને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નવ લાખ નેવુ હજાર જેટલા લોકોને આવરી લેતો સર્વે પૂર્ણ થયો છે. જેમાં ૨૨૪૩ વ્યક્તીઓ તાવથી પિડાતી જણાઈ છે. ૭૯૨ વ્યક્તીઓને ગળામાં ઈન્ફેક્શન હોવાનું જણાયુ છે અને ૩૩૮૨ જેટલી વ્યક્તીઓને કફ થયેલો જણાયો છે.

આ સર્વે દરમ્યાન ૨૬ જેટલી વ્યક્તીઓમાં સ્વાઈન ફ્લુના શંકાસ્પદ લક્ષણો જણાતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવેલ છે.

આ સર્વેલન્સની કામગીરી હજુ ચાલુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. ગ્રામ્ય વિસ્તારમાંથી વધુ દર્દીઓ મળી રહ્યા છે તે પણ નોંધનીય છે. જો કે તંત્ર દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપથી સર્વે ચાલી રહ્યો છે તે અંગે પણ લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. તંત્ર દવાખાનાઓમાં ચાલી

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં શુક્રવારે સ્વાઈન ફ્લુનો માત્ર એક જ કેસ

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુનો એક જ નવો કેસ નોંધાયે છે જ્યારે વધુ પાંચ દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાંથી ૯ જેટલા દર્દીઓના લોહી અને સ્લોબ્ઝના નમૂના પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા હતા. જે પૈકી ૮ દર્દીઓના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. માત્ર દહેગામની એક પાંચ વર્ષની નાની બાળકીને પોઝીટીવ આવ્યો છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુના કુલ કેસ ૧૪૮ થયા છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮ દર્દીના મૃત્યુ થયા છે. જ્યારે ૮૪ દર્દીઓને રજા અપાઈ છે. હજુ પણ ૪૭ દર્દીઓ સારવાર હેઠળ છે. જેમાં બે દર્દીઓ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે.

# પરિસ્થિતિને ઝડપથી કાબુમાં લેવા યોગ્ય પગલાં ભરો : કલેક્ટર

### જિલ્લાના અધિકારીઓને સ્વાઈન ફ્લુ સંદર્ભે તકેદારીના પગલા લેવા કલેક્ટરની તાકિદ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર જિલ્લામાં વધતા જતા સ્વાઈન ફ્લુના કેસોને ધ્યાને લઈ હરકતમાં આવેલ જિલ્લા તંત્ર એ તકેદારીના જરુરી પગલાં લેવા માટે સત્તાવાળાઓને કડક તાકીદ કરી છે.

જિલ્લા કલેકટરશ્રી રવિશંકરે મ્યુનિ. કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ ગાંધીનગર સિવીલ સુપ્રિટેન્ડન્ટ ને આ અંગે પત્ર લખી જરુરી પગલાંઓ તાત્કાલિક અસરથી ભરવા માટે જણાવ્યું છે.

તંત્ર એ એવી પણ કડક તાકીદ કરી છે કે પરિસ્થિતિને તાત્કાલિક નિયંત્રણમાં લો અને જરુર જણાય તો ૧૪૪મી કલમનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા માટે યોગ્ય દરખાસ્ત રજુ કરો.

જિલ્લામાં ૧૪૭ જેટલા સ્વાઈન ફ્લુના પોઝીટીવ કેસ મળી આવ્યા છે. અને ૧૮ જેટલા દર્દીઓના મોત નીપજયા છે. જિલ્લામાં સ્વાઈન ફ્લુનો રોગ જે ઝડપથી વકરી રહ્યો છે તેને લઈ જિલ્લા તંત્ર હરકતમાં આવ્યું છે.

જિલ્લામાં વાઈરલ અને કફના દર્દીઓ પણ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મેલેરિયા અને ડેનગ્યુ તેમજ કમળાના પણ છુટા છવાયા કેસો જોવા મળી રહ્યા છે. જિલ્લા કલેકટરની તાકીદ જોતાં આગામી સપ્તાહમાં ૧૪૪નું જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની દરખાસ્ત રજુ થશે તેમ મનાઈ રહ્યું છે.


**શ્રી નીરવ એન્ટરપ્રાઈઝ**

બી/૨૧૧, બીજો માળ, પ્રમુખ આર્કેડ, ટી.સી.એસ.ની બાજુમાં, ઈન્ફોસીટી પાછળ, ગાંધીનગર

મો. : ૯૬૨૪૦૯૫૦૮૮ / ૯૯૦૪૪ ૪૧૮૨૧

ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડ ખાતે ઉપરોક્ત એજન્સીના નામે આઉટ સોર્સીંગથી બે જગ્યાઓ (૧) એક્ષપર્ટ ઝુલોજીસ્ટ (એક) (૨) એક્ષપર્ટ એગોમોમીસ્ટ (એક) માટે અનુભવી / સક્ષમ ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. આ જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત છે. અને રૂ. ૫૦,૦૦૦/- માસિક ફીક્સ પગાર આપવામાં આવશે. સંપૂર્ણપણે બાયોડેટા અને પ્રમાણપત્રો સાથે ઉપરોક્ત સરનામે તા. ૫/૩/૨૦૧૫ સુધી રજીસ્ટર પોસ્ટ દ્વારા કે કુરીયર દ્વારા સ્વીકારવામાં આવશે.



Ahmedabad's No. 1 Institute
Now in GANDHINAGAR

BANK
PO/CLERK
LIC, Railways etc.

SSC
Inspector in Income tax, Customs, Excise

FREE SEMINAR
Date : 1.03.2015 Sunday, 9.30 am
Town Hall, Sector-17, Gandhinagar.

FEATURES
Study Material (5 Subjectwise Books)
300+ Online Test Worth Rs. 2,500/- Free
Life time Speed test | Interview Guidance

400+ Selection

NEW BATCH 04.03.2015

Get Guidance from TARAL PATEL Ranker in BANK, SSC

ADMISSION OPEN Contact Now

VI VINIT INSTITUTE
3RD FLOOR, ABHISHEKH BUILDING, OPP. HOTEL HAVELI, SECTOR-11, GANDHINAGAR.

9714630033 / 8000081133

BRANCHES : CHANDKHEDA | BAPUNAGAR | GANDHINAGAR
Website : www.vinitinstitute.com


## બેસણું



મારા પૂજ્ય પિતાશ્રી **જીતેન્દ્રભાઈ જશભાઈ પટેલ** (જે. જે. પટેલ - નિવૃત કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન) નું તા. ૨૫-૦૨-૨૦૧૫ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ ને ગમ્યું તે ખરૂ.

સદ્દગતનું બેસણું તા. ૦૧-૦૩-૨૦૧૫ને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે

**નિવાસસ્થાન :- પ્લોટ નં. ૬૫૯/૨, રંગમંચની સામે, સેક્ટર-૨૨, ગાંધીનગર**

નીલાબેન જે. પટેલ (પત્ની)
રીપલ અંકુર પટેલ (પુત્રવધુ)
અંકુર જે. પટેલ (પુત્ર)
રવિન્દ્રભાઈ જશભાઈ પટેલ (ભાઈ)
મહેશભાઈ જયંતિભાઈ પટેલ (ભાઈ)
મુકેશભાઈ કનુભાઈ પટેલ (ભાઈ)

## જાહેર આમંત્રણ

**સ્વચ્છતા અભિયાન**

રેલી અને જનજાગૃતિ સાથે સ્વચ્છતા માટેનું કાયમી આયોજન

તા. ૧/૩/૨૦૧૫ સવારે ૯.૩૦ કલાકે પિંડરડા ગામ

ચીફ ગેસ્ટ : કલેક્ટરશ્રી, ગાંધીનગર

આયોજન : ''અલુવા હિલ્સ'' પ્રોજેક્ટ

સહયોગ : પિંડારડા ગામ પંચાયત


**સ્વાઈન ફ્લૂ** ગભરાટ નહીં પણ સાવચેતી જરૂરી

પોઝીટીવ સ્વાઈન ફ્લૂના ૨૭૦૦ થી વધુ દર્દીઓને સારવાર બાદ સાજા થઈ જતા હોસ્પીટલમાંથી રજા આપવામાં આવેલ છે.

**સાવચેતી...**
- જાહેરમાં થૂંકવું નહી.
- ઉધરસ કે છીંક વેળા મોઢું અને નાકને રૂમાલથી ઢાંકો.
- ભીડ-ભાડવાળી જગ્યાએ જવાનું ટાળો.
- સાબુ અને પાણીથી હાથ વારંવાર ધુઓ.
- ખુબ પાણી પીઓ, પોષ્ટીક આહાર અને પુરતી ઊંઘ લો.

**સારવાર ઉપલબ્ધ છે...**
- દરેક સરકારી હોસ્પીટલ, CHC, PHC અને અર્બન હેલ્થ સેન્ટર ઉપર દવાઓ ઉપલબ્ધ.
- આઈસોલેશન વોર્ડમાં ૮૦૦ થી વધુ પથારીની સુવિધા.
- સારવાર માટે ૨૦૦ થી વધુ વેન્ટીલેટરની સગવડ.
- અન્ય જરૂરી જીવન રક્ષક સાધનોની ઉપલબ્ધી.

**સારવાર શક્ય છે...**
- સ્વાઈન ફ્લૂ ની અકસીર દવા ઓસેલ્ટામીવીરનો ૫ લાખથી વધુ દવાનો જથ્થો ઉપલબ્ધ છે.
- લેબોરેટરી ચકાસણી ની સુવિધા રાજ્યની ૫ મેડીકલ કોલેજમા વિનામૂલ્યે ઉપલબ્ધ

વિનામૂલ્યે નિદાન, દવા અને તમામ સારવાર માટે સરકારી આરોગ્ય કેન્દ્ર, હોસ્પીટલનો સંપર્ક કરવો.

108 નંબરનો સ્વાઈન ફ્લૂ અંગેની જાણકારી માટે સંપર્ક કરવો.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત દ્વારા જનહિતાર્થે


